# ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,બ્લોક નં.૧૨ પહેલો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન ગાંધીનગર.

## જિલ્લા શિક્ષણ સમિતિ / નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક (ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૬ થી ૮ - ગુજરાતી માધ્યમ)ની ઘટની ભરતી અંગેની જાહેરાત વર્ષ:૨૦૨૨

જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક (ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૬ થી ૮ - ગુજરાતી માધ્યમ) માટે જિલ્લા/નગર શિક્ષણ સમિતિની ખાલી જગ્યાઓની સામે સરકારશ્રી દ્વારા મંજૂર થયેલ જગ્યાઓના સંદર્ભમાં સપ્રમાણ વહેંચણી આધારે મળેલ માંગણી પત્રક મુજબ નીચે દર્શાવેલ અનામત કક્ષાની ઘટની જગ્યાઓ મેરીટના ધોરણે ભરવા મેરીટયાદી તૈયાર કરવા માટે તા.૨૭/૦૪/૨૦૧૧ તથા વખતો વખતના સુધારા ઠરાવ અન્વયે નિયત કરેલ શૈક્ષણિક તેમજ તાલીમી લાયકાત ધરાવતા અને શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક:**GH/SH/૦૨/PRE/૧૧-૨૦૧૬/SF-૬/K,** તા૨૦/૦૧/૨૦૧૭ના પસંદગી પ્રક્રિયાના નિયમોની જોગવાઇ અન્વયે ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં અરજીઓ ઓનલાઇન મંગાવવામાં આવે છે.

| જાહેરાત ક્રમ | ભરતીનો પ્રકાર | માધ્યમ | વિષય | સામાન્ય (Gen.) | અ.જાતિ (SC) | અ.જ.જાતિ (ST) | સા.શૈ.પ.વર્ગ (SEBC) | આર્થિક નબળા વર્ગ (EWS) | કુલ | જિલ્લાના રોસ્ટર રજિસ્ટર મુજબ૪% શારીરિક અશક્તતા ધરાવતા (PH) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦૧ ૨૦૨૨ | ધોરણ ૬ થી ૮ | ગુજરાતી માધ્યમ | ગણિત વિજ્ઞાન | **0** | ૯ | ૧૫૩ | ૧૩૨ | ૩૪ | ૩૨૮ | ૧૩ |
| | | | ભાષાઓ | **0** | ૬ | ૮૧ | ૯૫ | ૧૯ | ૨૦૧ | ૮ |
| | | | સામાજિક વિજ્ઞાન | **0** | ૭ | ૧૬૦ | ૧૪૩ | ૩૩ | ૩૪૩ | ૧૪ |
| ૦૨ ૨૦૨૨ | ધોરણ ૧ થી ૫ | ગુજરાતી માધ્યમ | - | 0 | ૧૦ | ૨૫૫ | ૨૧૪ | ૫૪ | ૫૩૩ | ૨૧ |

**જાહેરાતમાં દર્શાવેલ અનામત વર્ગ અને શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોની જગ્યાઓ જે તે જિલ્લા/નગર શિક્ષણ સમિતિના રોસ્ટર ક્રમાંક/માંગણાપત્રક આધારે દર્શાવેલ છે.**

**(૧) ભરતી અંગેનું ઓનલાઇન અરજી પત્રક વેબસાઇટ** http://vsb.dpegujarat.in **ઉપર તા.૦૫/૦૨/૨૦૨૨ સવારના ૧૧:૦૦ કલાકથી તા૧૪/૦૨/૨૦૨૨ ના રોજ બપોરના ૧૫:૦૦ કલાક સુધી ભરી શકાશે.**

**(૨) જિલ્લા/નગર શિક્ષણ સમિતિની ભરવાપાત્ર જગ્યાઓની વિગત, શૈક્ષણિક લાયકાત, પગાર-ધોરણ, વયમર્યાદા, વયમર્યાદામાં છુટછાટ, પસંદગી પ્રક્રિયાના નિયમો, સ્વીકારકેન્દ્રોની યાદી, ઓનલાઇન અરજીપત્ર ભરવા માટેની સુચનાઓ અને સામાન્ય સુચનાઓ તેમજ ભરતી સંદર્ભે જરૂરી તમામ ઠરાવો/પરિપત્રો ઉપરોક્ત વેબસાઇટ પર ઉપલબ્ધ છે. તેનો કાળજીપૂર્વક અભ્યાસ કરીને જ અરજી કરવાની રહેશે.**

**(૩) સ્વીકાર કેન્દ્રમાં અરજીપત્ર જમા કરાવવાની છેલ્લી તા.૧૪/૦૨/૨૦૨૨ (૧૭.૦૦ કલાક સુધી) છે.**

**તા.૨૬/૦૧/૨૦૨૨**
**સ્થળ:-ગાંધીનગર**

**ડૉ. એમ.આઇ.જોષી**
**અધ્યક્ષ**
ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ અને
પ્રાથમિક શિક્ષણ નિયામક,
ગુજરાત રાજ્ય ગાંધીનગર.